


# ૫ કેટલા?

## દાદાજી સાથે સફર









બાળકોને ચિત્ર જોવા દો અને પૂછો કે બગીચામાં બાળકો કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે. તેઓ બગીચામાં જોવા મળતા લોકોની સંખ્યા વિશે પણ ચર્ચા કરી શકે છે. ઉદાહરણ તરીકે, પ્રથમ ચિત્રમાં કેટલાં બાળકો રમી રહ્યાં છે અને પછી કેટલાં બાળકો પાછળથી આવ્યાં ? બાળકોને દાદા-દાદી સાથે સમય વિતાવવાનું મહત્ત્વ અને તેમના પ્રત્યે આદર કેવી રીતે દર્શાવી શકાય તેના વિશે ચર્ચા કરવા દો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કહો કુલ કેટલા ? ખાલી જગ્યા પૂરો.




| ૪ | બાળકો અને | ૨ | બાળકો મળીને ___ બાળકો થાય છે.

૪ + ૨ = ☐



| ૩ | ભમરડા અને | ૧ | ભમરડો મળીને ___ ભમરડા થાય છે.

૩ + ૧ = ☐



| ૩ | કીડીઓ અને | ૨ | કીડીઓ મળીને ___ કીડીઓ થાય છે.

૩ + ૨ = ☐



| ૪ | સીસાપેન અને | ૩ | સીસાપેન મળીને ___ સીસાપેન થાય છે.

૪ + ૩ = ☐


બાળકોને ઘણી બધી મૂર્ત સરવાળાની વસ્તુઓ સાથે પૂરતી તક આપો. બાળકોને વસ્તુઓનાં બે જૂથને જોડીને અને હાલના જૂથમાં વધુ વસ્તુઓ ઉમેરીને કુલ સંખ્યા શોધવા માટે પ્રોત્સાહિત કરો. બંને પ્રકારના સરવાળાનો મહાવરો કરાવો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ઉમેરો અને દોરો



______________

[૬] દડા અને [૨] દડા મળીને ____ દડા થાય છે.

૬ + ૨ = [ ]



૭ + ૧ = [ ]



## ચાલો ગણતરી કરીએ

ક. તમારા માતા અને પિતાને કુલ કેટલાં ભાઈ-બહેન છે ?

ખ. તમારા અને તમારા મિત્રના કુટુંબના કુલ કેટલા સભ્યો છે ?

ગ. તમારા બંને હાથ અને પગની કુલ કેટલી આંગળીઓ છે ?

ઘ. તમે તમારી આંગળીઓ વડે કેટલી સંખ્યાઓ ગણી શકો છો ?




બાળકોને સરવાળાના વાક્યોને સમજવા અને મોટેથી કહેવા માટે પ્રોત્સાહિત કરો. દાખલા તરીકે, ૪ બાળકો અને ૨ બાળકો મળીને ૬ બાળકો થાય છે, જેમાં 'મળીને' શબ્દ સરવાળા (+) અને 'કુલ' શબ્દને બરાબર(=)ના પ્રતીક સાથે જોડવામાં આવેલ છે. બાળકોને પ્રતીકાત્મક રજૂઆત અથવા સંખ્યાઓના સરવાળા તરફ આગળ વધતાં પહેલાં , 'કુલ', 'સરવાળો', 'મળીને' વગેરે શબ્દભંડોળ વિકસાવવામાં મૂર્ત વસ્તુઓ સાથે કામ કરવાની તકો પૂરી પાડવી જોઈએ.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ગણતરી કરો અને આંગળીઓની કુલ સંખ્યા લખો.



૪ + ૩ =




૩ + ૨ =



૫ + ૩ =



૪ + ૦ =




૪ + ૪ =



## ચાલો રમીએ - પાસા સાથે સરવાળા

એકસાથે બે પાસા ફેંકો અને બંને પાસાનાં કુલ ટપકાંની સંખ્યા ગણો. હવે તમારા મિત્રને પાસા ફેંકવા અને ટપકાંની કુલ સંખ્યા ગણવા માટે કહો. કોનો સરવાળો વધુ છે, તે જાણો.










Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## ચાલો, કરીએ !

કિશોર અને નિત્યાએ પણ આ જ રમત રમી હતી અને તેમણે મેળવેલા સરવાળા લખેલા છે. કિશોર કેટલી વખત જીત્યો અને નિત્યાએ કેટલી વખત જીત મેળવી તે (✓) ની નિશાની કરીને જાણો.



| | કિશોર | નિત્યા |
|---|---|---|
| ક. | ✓ | |
| ખ. | | |
| ગ. | | |
| ઘ. | | |
| ચ. | | |



| | કિશોર | નિત્યા |
|---|---|---|
| ક. | ⚄ અને ⚀ = ૬ | ⚃ અને ⚀ = ૫ |
| ખ. | ⚁ અને ⚁ = | ⚁ અને ⚄ = |
| ગ. | ⚀ અને ⚃ = | ⚃ અને ⚃ = |
| ઘ. | ⚂ અને ⚀ = | ⚁ અને ⚂ = |
| ચ. | ⚃ અને ⚁ = | ⚃ અને ⚂ = |




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# મણકા અને માળા

નીચે આપેલી સંખ્યાઓ પ્રમાણે માળાના મણકામાં રંગ પૂરો અને રંગીન મણકાઓની કુલ સંખ્યા શોધો.

ક. ૩ + ૪ = ____



ખ. ૪ + ૨ = ____




ગ. ૫ + ૪ = ____



ઘ. ૨ + ૭ = ____



ચ. ૭ + ૩ = ____



બાળકોને મણકાની માળાથી રમવા માટે પ્રોત્સાહિત કરો. સરવાળાની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરો અને સરવાળા કરવા ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ પર ચર્ચા કરો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# કૂદો અને સરવાળો કરો

૪ + ૨ =





૩ + ૨ =




૫ + ૩ =




૬ + ૩ =






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારી પોતાની રીતે ઉમેરો


અબ્દુલ અને રીહાના બે જુદી જુદી રીતે સંખ્યાઓ ઉમેરી રહ્યાં છે.
સરવાળો કરવામાં તેમને મદદ કરો.




| | |
|---|---|
| ૨<br>+ ૩<br>___ | ૨ + ૩ = ___ |
| ૫<br>+ ૧<br>___ | ૫ + ૧ = ___ |
| ૩<br>+ ૩<br>___ | ૩ + ૩ = ___ |
| ૯<br>+ ૧<br>___ | ૯ + ૧ = ___ |





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





## ચાલો, કરીએ !

ક. ગોળ આકારમાં સંખ્યાની જોડીઓ ભરો.




કોણાર્કના સૂર્યરથનું પૈડું

ખ. ઉદાહરણ પ્રમાણે સંખ્યાઓને જોડો.

| | | |
|---|---|---|
| ૧ + ૪ | ૫ | ૪ + ૨ |
| ૬ + ૩ | ૬ | ૩ + ૪ |
| ૫ + ૨ | ૭ | ૩ + ૨ |
| ૦ + ૬ | ૯ | ૫ + ૪ |



## પ્રોજેક્ટ કાર્ય

૦ થી ૯ સુધીના દસ કાર્ડ લો.
કાર્ડને એવી રીતે ગોઠવો કે, તેમનો સરવાળો ૯ થાય.
આવું કરવાની ઘણી રીતો છે. તમે તેને કેટલી રીતે કરી શકો છો ?

☐ + ☐ = ૯

☐ + ☐ + ☐ = ૯

☐ + ☐ = ૯





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સરવાળા કરો

ક. રાઘવ પાસે ૪ શંખ છે અને સરિતા પાસે ૫ શંખ છે. તેમની પાસે કુલ કેટલા શંખ છે ? ☐

ખ. રણજિત પાસે ૩ લખોટીઓ છે અને મીનાક્ષી પાસે ૬ લખોટીઓ છે. તેમની પાસે કુલ કેટલી લખોટીઓ છે ? ☐

ગ. એક થેલીમાં ૩ નાળિયેર છે બીજી થેલીમાં ૪ નાળિયેર છે. બંને થેલીમાં મળીને કુલ કેટલાં નાળિયેર છે ? ☐

## ચાલો જોઈએ કે આપણા દફતરમાં શું છે?

તમારા મિત્ર સાથે આ પ્રવૃત્તિ કરો અને નીચે આપેલા જવાબો લખો.


ક. મારા દફતર માં ........... પુસ્તક છે અને મારા મિત્ર પાસે ........... પુસ્તક છે. અમારા બંને પાસે કુલ ........... પુસ્તક છે.

ખ. મારી પાસે ........... સીસાપેન છે અને મારા મિત્ર પાસે ........... સીસાપેન છે. અમારી પાસે કુલ ........... સીસાપેન છે.

ગ. મારી પાસે ........... નોંધપોથી (નોટબુક) છે અને મારા મિત્ર પાસે ........... નોંધપોથી છે. અમારી પાસે કુલ ........... નોંધપોથી છે.

## વિચારો અને કરો

આપેલા કોષ્ટકમાં ૧, ૨ અને ૩ સંખ્યાઓને એવી રીતે લખો, જેથી દરેકનો સરવાળો ૬ થાય.




આ પ્રવૃત્તિ જોડીમાં હાથ ધરી શકાય છે. બાળકોને જાતે જ આવા પ્રશ્નો બનાવવા માટે અને જવાબો શોધવા માટે પ્રોત્સાહિત કરો. ઓરિસ્સામાં આવેલા વિશ્વના સૌથી જૂના કોણાર્કના સૂર્યમંદિર, વિશે પણ વર્ગમાં ચર્ચા કરો અને કોણાર્કનાં સૂર્યરથના ચક્રની છબી (પૃષ્ઠ ૫૬) નો પણ ઉલ્લેખ કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# પાંચ નાનાં બાળકો

બસમાં બેઠાં બાળક પાંચ ,
બેઠાં-બેઠાં કરતાં નાચ.
એક ઉતર્યું ઘરની પાસ,
હાથમાં છે મોતીનો હાર,
બસમાં છે હવે બાળક ચાર.







બસમાં છે બાળક ચાર ,
ઝાડથી કરે છે ઘણું વહાલ.
એક ઉતર્યું ઘરની પાસ,
સ્વચ્છતાનું લીધું છે પ્રણ
બસમાં છે હવે બાળક ત્રણ.




બસમાં છે બાળક ત્રણ ,
તેમને ગમે છે નાનાં હરણ.
એક ઉતર્યું ઘરની પાસ,
ઘર તરફ દોડે છે તે,
બસમાં છે હવે બાળક બે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બસમાં છે બાળક બે ,
ગીતો ગાય છે તે બે.
એક ઉતર્યું ઘરની પાસ,
તેના હાથમાં છે એક કેક,
બસમાં છે હવે બાળક એક.







બસમાં છે બાળક એક,
લાગી રહ્યું છે તે નેક.
એક ઉતર્યું ઘરની પાસ,
મા જોઇને ઊભી છે રાહ,
બસમાં નથી કોઈ બાળ.

## ચાલો ચર્ચા કરીએ

ક. બસમાં શરૂઆતમાં કેટલાં બાળકો હોય છે ?

ખ. પહેલા સ્ટેન્ડ પર બસમાંથી કેટલાં બાળકો નીચે ઉતરે છે ?

ગ. પહેલા સ્ટોપ પછી બસમાં કેટલાં બાળકો બાકી છે ?

ઘ. બીજા સ્ટેન્ડ પછી કેટલાં બાળકો બાકી રહે છે? ત્રીજા, ચોથા અને પાંચમા સ્ટેન્ડ માટે પણ જવાબ આપો.

ચ. બસમાં અંતે કેટલાં બાળકો બાકી છે ?

## પ્રોજેક્ટ કાર્ય

તમારા ઘરમાં કુલ કેટલા સભ્યો છે ? તેમાંથી કેટલા સભ્યો શાળાએ જાય છે ? કેટલા કામે જઈ રહ્યા છે ? અને કેટલા સભ્યો ઘરે રહે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો, કરીએ !

# કેટલા વધ્યા?

ક. ખાલી જગ્યા પૂરો.

૧.







૬ દેડકા ૨ દેડકા પાણીમાં કૂદ્યા _____દેડકા બાકી રહ્યા

૬ - ૨ = ______

૨.










૭ ફુગ્ગા ______ ઊડી ગયા ૫ ફુગ્ગા બાકી રહ્યા

૭ - ૨ = ______

૩.







૯ કેળાં ૬ કેળાં તોડી લીધાં ____કેળાં બાકી રહ્યા


૯ - ૬ = ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ખ. જે વસ્તુઓ વધી છે તે દોરો અને ખાલી જગ્યા ભરો.


૧.

____ કુંડા ____ કુંડા તૂટી ગયાં ____ કુંડા બાકી રહ્યાં

૩ – ______ = ______

૨.

૭ લાડુ ૪ લાડુ ખાધા ____ લાડુ બાકી રહ્યા

૭ - ૪ = ______


૩.

૭ દડા ______ દડા બાળકો લઈ ગયા ______દડા બાકી રહ્યા

૭ – ______ = ______

ગ. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૧. મનીષા  પાસે ૯ કેળાં  છે. તેણે ૩ કેળાં ખાધાં. હવે કેટલાં કેળાં વધ્યાં? ☐


૨. ફૂલો પર ૮ પતંગિયાં  છે. ૫ પતંગિયાં ઊડી ગયાં. કેટલાં પતંગિયાં બાકી છે ? ☐







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો, કરીએ !

તમારું પોતાનું દસ ટપકાંનું કાર્ડ બનાવો અને તમારાં મિત્રોથી તેમાંનાં થોડાં ટપકાં છુપાવો. તેમને પૂછો કે કેટલાં ટપકાં છુપાયેલાં છે ?



## કેટલાં ટપકાં છુપાયેલાં છે અને કેટલાં ટપકાં દેખાય છે ?

| કુલ ૧૦ ટપકાં | છુપાયેલાં ટપકાં | દેખાતાં ટપકાં |
|---|---|---|
|  | ૦ | ૧૦ |
|  | | |
|  | | |
|  | | |


## પ્રોજેક્ટ કાર્ય

બાળકોને ૮ ટપકાંવાળું ચોકઠું બનાવવા માટે કહો. હવે તેમના હાથ અથવા રૂમાલનો ઉપયોગ કરીને થોડાં ટપકાં છુપાવો અને જુઓ કે કેટલા ટપકાં છુપાયેલા છે અને કેટલાં ટપકાં દેખાય છે. શું સંખ્યાઓમાં કોઈ પેટર્ન છે ? આ પ્રવૃત્તિને અન્ય સંખ્યાઓ માટે પણ કરો. શું ટપકાં છુપાવ્યા વિના આ પ્રવૃત્તિ કરવી શક્ય છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સંખ્યાપટ્ટી પર પાછળની તરફ કૂદો અને સંખ્યા કહો.




ક. ૯ થી ૩ ડગલાં પાછળ કૂદો.




૯ - ૩ = ૬

ખ. ૭ થી ૪ ડગલાં પાછળ કૂદો.




૭ - ૪ = ______

## બાદબાકી કરો.

ક. ૮ - ૨ = ______

ખ. ૭ - ૩ = ______

ગ. ૯ - ૫ = ______

ઘ. ૬ - ૩ = ______

ચ. ૫ - ૧ = ______

છ. ૪ - ૨ = ______





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in